**આંક –85**

| સેશન્સ કેસ નંબરઃ– 65/2022 | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૦૯ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | જોરાભાઈ રત્નાભાઈ વાઘેલા | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | – |
| ઉંમર આશરે | ૬૪ | વરસની | ધંધો | ખેતી |
| રહેવાનુ | રાણપુર તા. ડીસા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | વી.બી.કંસારા |

(૧) હું છ ધોરણ ભણેલો છું. તા.૩૧/૭/૨૨ના રોજ હું જલારામ મંદિર ડીસા ખાતે ઉભો હતો. તે વખતે પોલીસ મારી પાસે આવીને કહેલ કે એક ગુનામાં એક આરોપી પકડાયેલ છે તેનું પંચનામુ કરવાનું છે જેથી તમો પોલીસ સ્ટેશન આવો. જેથી હું પોલીસ સ્ટેશન ગયેલો. ત્યાં આરોપી બેઠો હતો તેનું નામ મારી રૂબરૂ પુછતા પોતે પોતાનું નામ નાનુજી મેરૂજી ધોરી(ઠાકોર) રહે.રાણપુર વચલાવાસવાળો હતો. મારી હાજરીમાં સદર આરોપી તેણે પહેરેલ કપડા રજુ કરવા માંગતો હોય પોલીસે તેના કાપડા બદલવાની વ્યવસ્થા કરી જે કપડા સદર આરોપીએ બદલીને મારી હાજરીમાં રજુ કરેલા. જે કપડા રજુ કરેલ તેમાં આરોપીએ પહેરેલ એક વાદળી કલરનું શર્ટ રજુ કરેલ જે શર્ટ ઉપર છુટાછવાયા લોહીના ડાઘા હતા. ત્યારબાદ પોલીસે સદર શર્ટ મારી હાજરીમાં કબજે કરી ગડીવાળી તેને એક સફેદ કાપડની થેલીમાં મુકી અને એક કાગળમાં કાપલીમાં સાહેબ પહેલા સહી કરી ત્યારબાદ પંચ નં. ૨ તરીકે મારી સહી તથા પંચ નં. ૧ તરીકે જગશીજી નાથુજી વાઘેલાની સહી લઈ સદર કાપલીને કાપડની થેલીમાં મુકી તે થેલીને સોયદોરાથી સીલીને અને અમો પંચો રૂબરૂ પોલીસ સ્ટેશનના માર્કાનું સિલ મારેલ અને સદર મુદામાલ અમો પંચોની હાજરીમાં કબજે કરેલ. તેમજ સદર આરોપીએ એક કાળા કલર જેવુ મેલુ

સાહેદની સહી............................

પેન્ટ અમો પંચોની હાજરીમાં રજુ કરેલ. સદર પેન્ટના કમર પટ્ટાના ભાગે લોહી જેવા ડાઘા હતા. ત્યારબાદ પોલીસે સદર શર્ટ મારી હાજરીમાં કબજે કરી ગડીવાળી તેને એક સફેદ કાપડની થેલીમાં મુકી અને એક કાગળમાં કાપલીમાં સાહેબ પહેલા સહી કરી ત્યારબાદ પંચ નં. ૨ તરીકે મારી સહી તથા પંચ નં. ૧ તરીકે જગશીજી નાથુજી વાઘેલાની સહી લઈ સદર કાપલીને કાપડની થેલીમાં મુકી તે થેલીને સોયદોરાથી સીલીને અને અમો પંચો રૂબરૂ પોલીસ સ્ટેશનના માર્કાનું સિલ મારેલ અને સદર મુદામાલ અમો પંચોની હાજરીમાં કબજે કરેલ. સદર આરોપીને તેના ગળાના ભાગે કંઈ વાગેલુ હતુ અને ત્યાં સફેદ કલરનો પાટો બાંધેલો હતો તેવુ અમો બંન્ને પંચો રૂબરૂ જોયેલું. હું આરોપીને ઓળખુ છું જે આજરોજ અદાલતમાં હાજર છે.

મને માર્ક:૧૭/૨૫વાળું આરોપીની શરીર સ્થિતી તથા કપડાનું પંચનામુ બતાવવામાં આવે છે, જેમાં પંચનામાના પાને પાને પંચ નં.૨ તરીકે મારી તથા બીજા પંચ નં.૧ તરીકે જગશીજી નાથુજી વાઘેલાની સહી છે, જેઓએ મારી રૂબરૂ કરેલી, જેથી હું ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **આંક:૮૬** આપવામાં આવે છે.

મને મુદાલમા બતાવવામાં આવે તો હું જોયેથી ઓળખી શકું.

મને નામ.કોર્ટની કસ્ટીમાંથી મુદામાલ આર્ટીકલનં.૨૮(માર્ક:એફ–૧) થેલી ખોલીને બતાવવામાં આવે છે, જે જોતા વાદળી કલરનું શર્ટ છે,જેની ઉપર છુટા છવાયા લોહીના ડાઘા છે, જે તે તેજ છે, જે પોલીસે અમારી હાજરીમાં કબજે કરેલ. જેમાંથી નીકળેલ એક કાગળની કાપલી , જેમાં પંચ નં.૨ તરીકે મારી તથા પંચ નં.૧ તરીકે જગશીજી નાથુજી વાઘેલાની સહી છે,જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **આંક:૮૭** આપવામાં આવે છે.

મને નામ.કોર્ટની કસ્ટીમાંથી મુદામાલ આર્ટીકલનં.૨૯(માર્ક:એફ–૨)

સાહેદની સહી............................

થેલી ખોલીને બતાવવામાં આવે છે, જે જોતા એક કાળા કલર જેવુ મેલુ પેન્ટ છે, જેની કમરના પટ્ટાના ભાગે લોહીના ડાઘા છે, જે તે તેજ છે, જે પોલીસે અમારી હાજરીમાં કબજે કરેલ. જેમાંથી નીકળેલ એક કાગળની કાપલી , જેમાં પંચ નં.૨ તરીકે મારી તથા પંચ નં.૧ તરીકે જગશીજી નાથુજી વાઘેલાની સહી છે,જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **આંક:૮૮** આપવામાં આવે છે.

**સરતપાસ પુરી.**

**ઉલટ તપાસ આરોપી તરફે વિ.વ.શ્રી. આર.એન.ચૌધરી...**

(૨) એ વાત ખરી છે કે પોલીસ સ્ટેશન અને જલારામ મંદિર વચ્ચે દુકાનો અને શોપીંગો આવેલા છે. એ વાત ખરી છે કે પોલીસ સ્ટેશન દિવાલની બહાર ગલ્લા અને દુકાનો આવેલી છે. કોણ મરી ગયેલ તેની મને ખબર નથી. હું પોપટજી હરચંદજીને ઓળખતો નથી. મારા દાદાનું નામ લાખાજી કાનાજી છે. એ વાતની મને ખબર નથી કે મારા દાદા લાખાજી કોનાજીના સગા ભાઈ પરાગજી કોનાજી છે. મારા દાદાને કેટલા ભાઈ છે તેની મને ખબર નથી અને કેટલી બહેનો છે તેની પણ મને ખબર નથી. મારા દાદા કેટલા સમય પહેલા ગુજરી ગયા તે પણ મને ખબર નથી. રાણપુર ગામમાં વચલાવાસમાં અમારી સમાજના અંદાજે ૨૦ થી ૨૫ ઘરો છે. એ વાત ખરી છે કે નાનુજી મેરુજી વચલા વાસના રહેવાસી છે. હું નાનુજી મેરુજીને ઓળખતો નથી. એ વાત ખરી છે કે પોપટજી હરચંદજી વચલાવાસના છે. એ વાત ખરી નથી કે મરણ જનાર પોપટજી હરચંદજી કુટુંબી છે. એ વાત ખરી છે કે બીજા પંચ જગશીજી નાથુજી વચલા વાસના છે અને તેઓને હું ઓળખતો નથી કે તેમની સાથે મારે કોઈ દિવસે વાતચીત થયેલી નહી તેમજ મે તેમને કોઈ દિવસ જોયેલા પણ

સાહેદની સહી...........................

નથી. એ વાત ખરી નથી કે મરણજનાર અમારા કુટુંબી થતા હોય અમો તેમના કહેવાથી પંચનામામાં ખોટા પંચ તરીકે ઉભા થયેલ હોય. એ વાત ખરી નથી કે અમો આજરોજ સરતપાસમાં જણાવેલ છે તે કોઈ પંચનામુ અમારી હાજરીમાં કરેલ નથી.

**વિશેષ ઉલટતપાસ નથી.**

**ફેર ઉલટતપાસ નથી.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

.........................................

સાહેદની સહી

| | |
|---|---|
| | મારી રૂબરૂ, |
| મુ. ડીસા | (કુ.એસ.એમ.કાનાબાર) |
| તા. ૧૫-૦૧-૨૦૨૬ | છઠ્ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી.............................